# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી આસામની બે દિવસની મુલાકાતે - ગુવાહાટીથી PM કિસાન સન્માન નિધિનો 22મો હપ્તો છૂટો કરશે.

2) પ્રધાનમંત્રીએ જણાવ્યુ, સરકાર પશ્ચિમ એશિયામાં સંઘર્ષને કારણે પુરવઠા શૃંખલાના વિક્ષેપોને દૂર કરવા પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે.

3) લોકસભામાં અનુદાનની પૂરક માંગણીઓ અને રાજ્યસભામાં ગ્રામીણ વિકાસ મંત્રાલયના કામકાજ પર આજે ફરી ચર્ચા.

4) ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ મોજતબા ખામેનીએ કહ્યું, ખાડીના આરબ દેશો પર હુમલા યથાવત રહેશે.

5) ભારતીય U-17 મહિલા ફૂટબોલ ટીમે પ્રથમ આંતરરાષ્ટ્રીય મૈત્રીપૂર્ણ મેચમાં મ્યાનમારને હરાવ્યું.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - ASSAM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી આસામની બે દિવસની મુલાકાતે જશે. તેઓ ગુવાહાટીથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો 22મો હપ્તો છૂટો કરશે. કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી લગભગ નવ કરોડ 32 લાખ ખેડૂતોના બેંક ખાતામાં પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ – DBT દ્વારા 18 હજાર 640 કરોડ રૂપિયા સીધા જમા કરાવશે.

બાઈટ - શિવરાજ સિંહ ચૌહાણ

આસામની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી રાજ્યમાં 47 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શુભારંભ કરાવશે.

સાંભળીએ એક અહેવાલ...

VC- AJAY INDREKAR

# PM-NXT-SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી ઉથલપાથલ છતાં, ભારત વૈશ્વિક સ્તરે એક પ્રતિષ્ઠિત અને વિશ્વસનીય રાષ્ટ્ર બન્યું છે.

ગઈકાલે નવી દિલ્હીમાં NXT શિખર બેઠકને સંબોધન કરતાં શ્રી મોદીએ જણાવ્યું કે, સરકાર પશ્ચિમ એશિયામાં સંઘર્ષને કારણે પુરવઠા શૃંખલાના વિક્ષેપોને દૂર કરવા પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે.

BYTE: PM-MODI-NXT-SUMMIT

# PARLIAMENT TODAY

લોકસભામાં આજે વર્ષ 2025-26 માટે અનુદાનની પૂરક માંગણીઓની બીજી બેચ પર આગળની ચર્ચા અને મતદાન હાથ ધરાશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ ગૃહમાં ચર્ચાનો જવાબ આપશે. રાજ્યસભામાં, ગ્રામીણ વિકાસ મંત્રાલયની કાર્યપદ્ધતિ પર વધુ ચર્ચા ફરી શરૂ થશે.

દરમિયાન ગઈકાલે, લોકસભામાં, કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે વૈશ્વિક ઉર્જા પુરવઠામાં વિક્ષેપના પ્રતિભાવમાં સરકારે લીધેલા પગલાં વિશે નિવેદન આપ્યું હતું. તેમણે ભાર મૂક્યો કે ભારતની ક્રૂડ ઓઇલની સ્થિતિ અને LPGનો સ્થાનિક પુરવઠો સુરક્ષિત છે.

# MOJTABA - ATTACKS

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ મોજતબા ખામેનીએ કહ્યું કે, ઇરાન ખાડીના આરબ દેશો પર હુમલો કરવાનું ચાલુ રાખશે. તેમણે હોર્મુઝની વ્યૂહાત્મક સામુદ્રધુનીને અસરકારક રીતે બંધ કરીને અમેરિકા અને ઇઝરાયેલ પર દબાણ લાવવા કહ્યું છે.

દેશના સર્વોચ્ચ નેતા તરીકે ચૂંટાયા પછી આ તેમનું પહેલું નિવેદન છે. સરકારી ટેલિવિઝન પર એક નિવેદનમાં, તેમણે યુદ્ધમાં માર્યા ગયેલા લોકોનો બદલો લેવાનું વચન આપ્યું હતું.

# PM-IRAN PREZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ અંગે ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન સાથે વાતચીત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે, તેમણે તણાવમાં વધારો અને નાગરિકોના જીવ ગુમાવવા તેમજ માળખાગત નાગરિક સુવિધાઓને નુકસાન અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, ભારતીય નાગરિકોની સલામતી, પુરવઠા અને ઉર્જાના અવરોધ વિનાના પરિવહનની જરૂરિયાત, ભારતની ટોચની પ્રાથમિકતાઓ છે. તેમણે શાંતિ અને સ્થિરતા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો અને સંવાદ અને રાજદ્વારી માટે આગ્રહ કર્યો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# WEST ASIA CONFLICT

**છેલ્લા કેટલાક કલાકોમાં પશ્ચિમ એશિયાના અનેક વિસ્તારોમાં હુમલા તીવ્ર બન્યા છે. ઇઝરાયેલના સૈન્યએ અહેવાલ આપ્યો કે તેના વિમાનોએ તહેરાન પર હુમલો કર્યો, જેમાં બાસીજ અર્ધલશ્કરી દળ દ્વારા સંચાલિત ચોકીઓને નિશાન બનાવવામાં આવી હતી.**

**ઇઝરાયલી સંરક્ષણ દળોના જણાવ્યા અનુસાર, આ હુમલાઓ ઇરાની સુરક્ષા દળો દ્વારા રાજધાનીમાં ગતિવિધિઓને નિયંત્રિત કરવા ઉપયોગમાં લેવાતા રસ્તાઓ પર અવરોધોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઇરાની અધિકારીઓએ હજુ સુધી હુમલાઓને કારણે કેટલું નુકસાન થયું તેની પુષ્ટિ કરી નથી.**

ઇરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા, ઇસ્માઇલ બાઘેઇએ જણાવ્યું કે, ઇરાની નૌકાદળ સાથે સીધા સંકલન કરતા કેટલાક જહાજોને હજુ પણ પસાર થવાની મંજૂરી અપાઈ શકે છે.

## ISRAELI PM-NUKE SCIENTISTS

ઇઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું કે ઇઝરાયલી હુમલાઓમાં ટોચના ઇરાની પરમાણુ વૈજ્ઞાનિકો માર્યા ગયા છે. ગઈકાલે એક પત્રકાર પરિષદમાં બોલતા, નેતન્યાહૂએ ઈરાનના નવા સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ મોજતબા ખામેનીને રિવોલ્યુશનરી ગાર્ડ્સની કઠપૂતળી ગણાવી હતી. તેમણે ઈરાનના લોકોને સંબોધતા કહ્યું કે, સ્વતંત્રતા તરફના નવા માર્ગનો સમય નજીક આવી રહ્યો છે અને ઇઝરાયલ તેમની સાથે ઉભું છે.

## US-AIRCRAFT CRASH

અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે પુષ્ટિ કરી કે, ઇરાકમાં અમેરિકાનું લશ્કરી રિફ્યુઅલિંગ વિમાન તૂટી પડ્યું છે. જેમાં બચાવ કામગીરી ચાલી રહી છે.

KC-135 વિમાન ઈરાન સામેના અભિયાનનો ભાગ હતું, જોકે આ ઘટના યુદ્ધના કારણે બની ન હોવાનું સેનાએ એક નિવેદનમાં જણાવ્યું છે. મધ્ય પૂર્વની દેખરેખ રાખતા સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું કે, બે વિમાન સામેલ હતા અને એક સુરક્ષિત રીતે ઉતર્યું, જ્યારે બીજું પશ્ચિમ ઇરાકમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું.

# TENSIONS IN WEST ASIA

પર્સિયન ખાડીમાં વિદેશી ધ્વજ વાળા વાણિજ્યિક જહાજો પર ઇરાનના હુમલામાં ત્રણ ભારતીય નાવિકના મોત થયા છે. ભારતીય દૂતાવાસે જણાવ્યું કે, ખલાસીઓ સાથે સતત સંપર્કમાં છે અને શક્ય તમામ સહાય પૂરી પાડી રહ્યું છે.

### BYTE- SI-RAJESH-SINHA

# MDNIY-YOGA

મોરારજી દેસાઈ રાષ્ટ્રીય યોગ સંસ્થાન આજે નવી દિલ્હીમાં યોગ મહોત્સવનું આયોજન કરશે, જે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2026ના 100 દિવસના કાઉન્ટડાઉનની શરૂઆત દર્શાવે છે. આયુષ મંત્રી પ્રતાપ રાવ જાધવ આ કાર્યક્રમમાં ભાગ લેશે.

મંત્રાલયે આ માટે 100 દિવસનો કાર્યક્રમ તૈયાર કર્યો છે. જેમાં, 100 સંસ્થાઓ 100 સ્થળો અને શહેરોમાં યોગને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. શ્રી જાધવે જણાવ્યુ કે યોગ એ ભારતના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનો અભિન્ન ભાગ છે. યોગની વૈશ્વિક સ્વીકૃતિ ભારત માટે ગર્વની વાત છે.

# SC-SHABIR AHMAD SHAH

સર્વોચ્ચ અદાલતે કાશ્મીરી અલગતાવાદી નેતા શબીર અહમદ શાહને ગેરકાયદે પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ -UAPA હેઠળ નોંધાયેલા કથિત આતંકવાદી ભંડોળના કેસમાં જામીન આપ્યા છે.

શબીર શાહની વર્ષ 2019માં, રાષ્ટ્રીય તપાસ એજન્સી –NIAએ અલગતાવાદી નેતાઓ વિરુદ્ધ નોંધાયેલા કેસમાં ધરપકડ કરી હતી. અગાઉ, 2023માં ટ્રાયલ કોર્ટે તેમની મુક્તિને નકારી કાઢ્યા બાદ શાહે જામીન માટે દિલ્હી વડી અદાલતનો સંપર્ક કર્યો હતો.

# INDIA-MYANMAR-U17-FRIENDLIES

ભારતીય U-17 મહિલા ફૂટબોલ ટીમે ગઈકાલે યાંગોનના થુવુન્ના સ્ટેડિયમ ખાતે બે આંતરરાષ્ટ્રીય મૈત્રીપૂર્ણ મેચમાંની પ્રથમ મેચમાં મ્યાનમારને 2-0થી હરાવ્યું. બીજી મેચ આવતીકાલે રમાશે.

આ મેચો એક થી 17 મે દરમિયાન ચીનના સુઝોઉમાં યોજાનાર AFC U17 મહિલા એશિયન કપ માટે ભારતની તૈયારીઓનો એક ભાગ છે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ પટેલ

- **LPG** પુરવઠા બાબતના સમાંચાર દરેક અખબારોમાં મુખ્ય સમાચાર તરીકે લીધા છે.
- ગુજરાત સમાચારે એલપીજી નો પૂરતો જથ્થો હોવાની કેન્દ્રની ખાતરી છતાં અરાજકતાને હેડલાઇન બનાવી છે. હોરમૂજમાંથી ભારતીય જહાજોને પસાર થવા દેવા મુદ્દે અસમંજસએ સંદેશમાં મુખ્ય સમાચાર તરીકે સમાવાયા છે.
- દિવ્ય ભાસ્કરે મોટી રાહત યુદ્ધ બાદ પહેલી વાર ટેન્કર હોરમૂજથી મુંબઈ પહોંચ્યું એ બાબતને હેડ લાઇન બનાવી છે
- નવગુજરાત સમયે સર્વોચ્ચ અદાલતના નિવેદનને ટાંકીને પહેલા પાને લખે છે કે ઓબીસી ઉમેદવારને માત્ર આવકના આધારે ક્રિમીલેયર ગણી શકાય નહિ.
- રાજ્યમાં કાળજાળ ગરમી અંગે ફૂલછાબ લખે છે કે રાજ્ય અગનભઠ્ઠીની લપેટમાં રાજકોટ અને સુરેન્દ્રનગરમાં યલો એલર્ટ